# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31-10-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને એક થઈ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા દેશની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી
2. પ્રધાનમંત્રીએ કહ્યું, આર્ય સમાજ એક એવું સંગઠન રહ્યું છે જે નિર્ભયતાથી ભારતીયતા વિશે વાત કરે છે
3. સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે દેશભરમાં રન ફોર યુનિટીનું આયોજન કરાયું
4. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે દરિયાઈ સુરક્ષાને ભારત-આસિયાન જોડાણનું કેન્દ્રબિંદુ ગણાવી
5. ઇસ્લામિક સ્ટેટ આતંકવાદી સંગઠનના તાલીમ કેન્દ્રો પાકિસ્તાનમાં કાર્યરત હોવાનો અફઘાની મીડિયાનો દાવો

………………………………………………………….

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગરિકોને એક થવા અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે દેશની પ્રગતિ માટે પોતાને સમર્પિત કરવા અપીલ કરી. સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતનાં એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં એક વિશાળ સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ કરોડો લોકો દ્વારા લેવામાં આવેલા એકતાના શપથમાં રાષ્ટ્રવ્યાપી ભાગીદારી પર પ્રકાશ પાડ્યો, રાષ્ટ્રીય એકતાને મજબૂત કરવાના સામૂહિક સંકલ્પને પુનઃપુષ્ટિ આપી. તેમણે કહ્યું કે સ્વતંત્રતા પછી, સરદાર પટેલે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સ્વપ્નને મૂર્તિમંત કરીને 550 થી વધુ રજવાડાઓને એક કરીને અશક્ય લાગતા કાર્યને પ્રાપ્ત કર્યું. શ્રી  મોદીએ કહ્યું, ભારત ભાષાકીય વિવિધતામાં વિશ્વમાં સમૃદ્ધ દેશ બન્યો છે.

(બાઇટ : PM---LANGUAGES)

-------------

# EKTA DIWAS CELEBRATIONS

ગુજરાતનાં એકતા નગરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા દિવસની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે એકતા પરેડ પણ યોજાઇ હતી. આ અંગે સમાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : અપર્ણા ખૂંટ)

-------------

# REV. PM ARYA SAMMEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કહ્યું કે આર્ય સમાજ એક એવું સંગઠન રહ્યું છે જે નિર્ભયતાથી ભારતીયતા વિશે વાત કરે છે અને તે રાષ્ટ્રવાદીઓનું સંગઠન છે. તેમણે કહ્યું કે, લાલા લજપત રાય અને રામ પ્રસાદ બિસ્મિલ જેવા ક્રાંતિકારીઓએ આર્ય સમાજમાંથી પ્રેરણા લીધી હતી. દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય આર્ય મહાસંમેલનને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, રાજકીય કારણોસર, સ્વતંત્રતા સંગ્રામમાં આર્ય સમાજની ભૂમિકાને તે સન્માન મળ્યું નહીં જેના તે લાયક હતું. તેમણે કહ્યું કે, આર્ય સમાજના 150 વર્ષ, આ પ્રસંગ ફક્ત સમાજના એક વર્ગ કે સંપ્રદાયનો નથી, તે ભારતની વૈદિક ઓળખનો છે.

(બાઇટ : PM-ON-ARYA-SAMAJ)

પ્રધાનમંત્રીએ કહ્યું કે, સ્વામી દયાનંદે ભેદભાવ અને અસ્પૃશ્યતાનો સક્રિયપણે વિરોધ કર્યો, લોકોને આ દુષણોને નાબૂદ કરવા અને વધુ સમાવિષ્ટ અને સમાન સમાજ માટે પ્રયત્નશીલ રહેવા વિનંતી કરી.

-------------

# RUN FOR UNITY

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ અને રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સમગ્ર દેશમાં આજે 'રન ફોર યુનિટી'નું આયોજન કરાયું.

ઓડિશામાં, મુખ્યમંત્રી મોહન ચરણ માઝી આજે સવારે ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે 'રન ફોર યુનિટી' કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે, શ્રી માઝીએ કહ્યું કે એકતા, ભાઈચારો અને દેશભક્તિ એ વિકસિત ભારતના આધારસ્તંભ છે.

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં યોજાયેલી એકતા દોડ દરમિયાન  ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ અને કેન્દ્રીય કોલસા મંત્રી જી. કિશન રેડ્ડી અને અનેક સંસદ સભ્યોએ સરદાર પટેલની પ્રતિમા પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

-------------

# PMO- EKTA DIWAS

રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે, પ્રધાનમંત્રી કાર્યાલયના અધિકારીઓએ આજે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા એકતાના શપથ લીધા. પ્રધાનમંત્રી કાર્યાલયના કેન્દ્રીય રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ દ્વારા આ પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. જેમાં  પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રા અને અન્ય અધિકારીઓએ પણ ભાગ લીધો હતો.

-------------

## MANOHAR LAL UNITY MARCH

ગૃહ અને શહેરી બાબતોના મંત્રી મનોહર લાલે આજે નવી દિલ્હીના ઇન્ડિયા ગેટ ખાતે એકતા દોડમાં ભાગ લીધો હતો અને સરદાર વલ્લભભાઈ પટેલને તેમની 150મી જન્મજયંતિ પર પુષ્પાંજલિ અર્પણ કરી. આ કાર્યક્રમ દરમિયાન, તેમણે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વને જાળવી રાખવા માટે સરદાર પટેલની વિચારધારા પર આધારિત એકતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે, શ્રી લાલે 562 રજવાડાઓને ભારતમાં એક કરવામાં સરદાર પટેલના યોગદાનની પ્રશંસા કરી. તેમણે કહ્યું ભારત હવે પડોશી દેશોને પણ વીજળી પૂરી પાડી છે. તેમણે ઉમેર્યું કે ભારત હવે મેટ્રો કનેક્ટિવિટીમાં વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે.

-------------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

# RAJNATH-DEFENCE MEET

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘે જણાવ્યું કે દરિયાઈ સુરક્ષા ભારત-આસિયાન જોડાણનું કેન્દ્રબિંદુ છે. તેમણે આસિયાન-ભારત દરિયાઈ કવાયતની બીજી આવૃત્તિ માટે સંમત થવા બદલ આસિયાન સભ્ય દેશોની પ્રશંસા કરી. આજે કુઆલાલંપુરમાં આસિયાન-ભારત સંરક્ષણ મંત્રીઓની બેઠકમાં ઉદ્ઘાટન ભાષણ આપતા, શ્રી સિંઘે ભાર મૂક્યો કે દરિયાઈ માર્ગોને સુરક્ષિત કરવા એ દેશની ટોચની પ્રાથમિકતા છે, અને કહ્યું કે ભારતનો અડધાથી વધુ વેપાર દક્ષિણ ચીન સમુદ્ર અને મલક્કા સ્ટ્રેટમાંથી પસાર થાય છે. શ્રી સિંહે જણાવ્યું હતું કે આસિયાન અને ભારત બંનેએ ઝડપી આર્થિક વૃદ્ધિ દર્શાવી છે.

(બાઇટ : RAJNATH-ON-TRADE-AGREEMENT)

-------------

# PAK-ISIS

**અફઘાન લશ્કરી વિશ્લેષકોનો દાવો છે કે ઇસ્લામિક સ્ટેટ આતંકવાદી સંગઠનના તાલીમ કેન્દ્રો પાકિસ્તાનમાં કાર્યરત છે. અફઘાન મીડિયા**

અનુસાર, પાકિસ્તાન દ્વારા વારંવાર ઇનકાર કરવા છતાં, ISIS-ખોરાસનને હજુ પણ ત્યાં સુરક્ષિત આશ્રયસ્થાનો અને સક્રિય નેટવર્ક જાળવી રાખ્યા છે.

સુરક્ષા સૂત્રોના અનુસાર નુસરત અથવા અબુ ઝાર તરીકે ઓળખાતા ISIS-K ના એક વરિષ્ઠ વ્યક્તિનું તાજેતરમાં પેશાવરમાં મોત થયું હતું - જે પાકિસ્તાનમાં જૂથની હાજરી દર્શાવે છે. માનવામાં આવે છે કે નુસરતે 2022 અને 2023 દરમિયાન કાબુલમાં હુમલાઓનું આયોજન કરવામાં ભૂમિકા ભજવી હતી અને પાકિસ્તાનમાં જૂથના કેન્દ્રનું નેતૃત્વ કર્યું હતું.

-------------

# GST REFORMS- HEALTHCARE

22 સપ્ટેમ્બરથી શરૂ થયેલા GST બચત ઉત્સવથી દેશભરના નાગરિકોને ફાયદો થયો છે. આજે આરોગ્યસંભાળ ક્ષેત્રમાં ઘટાડેલા GST દર નાગરિકોને કેવી રીતે મદદ કરી રહ્યા છે તે અંગે અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

(વોઇસ કાસ્ટ : SAKLEN)

-------------

# MURUGAN- AKASHVANI PLEDGE

માહિતી અને પ્રસારણ રાજ્યમંત્રી એલ મુરુગને નવી દિલ્હીના આકાશવાણી ભવનમાં સ્વચ્છતા પ્રતિજ્ઞાનું નેતૃત્વ કર્યું. આકાશવાણી ભવનમાં બાપુ સ્ટુડિયોમાં, તેમણે 'સ્વચ્છતા હી સેવા' ના ભાગ રૂપે વિશેષ અભિયાન 5.0 પહેલ હેઠળ માહિતી અને પ્રસારણ મંત્રાલય અને તેના સંગઠનોના પ્રયાસોની વિગતો આપી.

-------------

# CRICKET IND-AUS

ક્રિકેટમાં, ઓસ્ટ્રેલિયાએ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પાંચ મેચની શ્રેણીની બીજી T-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ભારતને 4 વિકેટથી હરાવ્યું છે. 126 રનના લક્ષ્યનો પીછો કરતા, ઓસ્ટ્રેલિયાએ 13.2 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને જીત મેળવી લીધી. ભારત તરફથી, જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવે બે-બે વિકેટ લીધી હતી.

-------------